# ઉમાંગા

**સંકલન - સુજય પટેલ (ડાકોર)**

**તાલુકો - ઠાસરા જીલ્લો - ખેડા**

More Info : Sujaypatel11.blogspot.in

SUJAYPATEL11.BLOGSPOT.IN

❖ બે માથાં અને બે પગ,
જાણે એને આખું જગ,
જે કોઈ આવે એની વચમાં,
કપાઈ જાય એની કચકચમાં — કાતર

❖ એક પ્રાણી એવું,
જે વન-વગડામાં રહેતું,
મોટા-મોટા કાન,
ને શરીર છે સુંવાળું — સસલું

❖ નાનું મોટું મળે ને
પાણીમાં એ તરે,
સૌ સવારી કરે,
તેને કયું વાહન કહે? — હોડી-નાવડી

❖ વડ જેવાં પાન,
ને શેરડી જેવી પેરી,
મોગરા જેવાં ફૂલ ને
આંબા જેવી કેરી. — આકડો

❖ હવા કરતાં હળવો હું,
રંગે બહુ રૂપાળો,
થોડું ખાઉં ને ધરાઈ જાઉં,
વધુ ખાઉં તો ફાટી જાઉં. — ફુગ્ગો

સંકલન – સુજય પટેલ (ડાકોર) તા. ઠાસરા જી. ખેડા

Sujaypatel11.blogspot.in

❖ એની અછત ઝટ વરતાય
એનાં વગર સૌ પરસેવે ન્હાય
એને પામવા વિકલ્પો શોધાય
એના વગર લગીરે ના જીવાય — હવા

❖ હું સૂર્યમંડળનો એક સભ્ય,
સૌથી સુંદર લાગું છું,
પીળાશ પડતો રંગ મારો
મારી ફરતે બર્ફીલા વલયો — શનિ ગ્રહ

❖ ઘરમાં મહેમાનોને દેવાય
વોટમાં નેતાઓને દેવાય
આરામ કરવામાં વપરાય — ખુરશી

❖ નામ બારણા સંગે આવે
હવાઉજાસ ઘરમાં લાવે
ઋતુઓ સામે રક્ષણ આપે
કોઈને તેના વિના ના ફાવે — બારી

❖ એ પૈસા, દરદાગીના રક્ષે
કપડાં સારાં સૌ તથા મૂકે
તાળું મારી સુખથી સૂએ
લોકો ઘરમાં અચૂક વસાવે — તિજોરી

સંકલન – સુજય પટેલ (ડાકોર) તા. ઠાસરા જી. ખેડા

Sujaypatel11.blogspot.in

❖ ચાર પાયા પર ઉપર આડી છત
કરો તેના ઉપર બસ લખ લખ લખ — ટેબલ

❖ ટન ટન બસ નાદ કરે
ઘડિયાળ જોઈ સાદ કરે
સ્કૂલ નિશાળે એ લટકે
રણકે તો બાળકો છટકે — ઘંટ

❖ ચારે બાજુ વૃક્ષોથી ઘેરાયો
પથરાયું મુજ પર ઘાસ
પશુ પક્ષીનું ઘર હું છું
મને ઓળખો હું કોણ છું? — જંગલ

❖ લીલી બસ, લાલ સીટ
અંદર કાળા બાવા — તરબૂચ

❖ આટ્યું પાટ્યું ભોંયમાં દાટ્યું
સવારે જોયું તો સોનાનું પાટ્યું — સૂરજ

❖ ખારા જળમાં બાંધી કાયા
રસોઈમાં રોજ મારી માયા
જનમ ધર્યાને પારા છોડા,
મારા દામ તો ઊપજે થોડા — મીઠું

Sujaypatel11.blogspot.in

❖ શરીર નહીં પણ જન્મે ખરી,
મોં નહીં પણ કરે અવાજ
જન્મી એવી ઝટ મરે — ચપટી

❖ ભેંસ વિયાણી પાડો પેટમાં
દૂધ દરબારમાં જાય
ચતુર હોય તો સમજી લ્યો
મૂરખ ગોથા ખાય ! — કેરી

❖ રાતા રાતા રતનજી
પેટમાં રાખે પાણા
વળી ગામે ગામે થાય,
એને ખાય રંકને રાણા ! — બોર

❖ જળનાં ફૂલ છે જે
તળાવોમાં થાતાં
લિંગ પર ચઢે
થાય ધોળાં રાતાં — કમળ

❖ ગોળ ઓરડો અંધારો ઘોર
એમાં પૂર્યાં રાતા ચોર,
એ ચોરને બધાંય ખાય
છે કલજુગનું કૌતુક ઓર ! — દાડમ

sujaypatel11.blogspot.in

❖ પીળા પીળા પદમસી
ને પેટમાં રાખે રસ
થોડાં ટીપાં વધુ પડે તો
દાંતનો કાઢે કસ ! લીંબુ

❖ અક્કડ પાન,
કડાક્ક બીડી.
માંહી રમે છે
કામી કીડી અક્ષર

❖ એ આપવાથી વધે છે.
એ આવે ત્યારે જન જાગે છે
એ જાય ત્યારે જન ઊંઘે છે. વિદ્યા

❖ એક એવું અચરજ થાય
જોજન દૂર વાતો થાય ટેલિફોન

❖ ઘેર ઘેર દીવડા પ્રગટાવે
અમીર ગરીબ સૌ આનંદ લૂંટે
વેરઝેરની આજે વાતો ભૂલાય
મીઠા મોં કરી આજે સૌ મલકાય દિવાળી

❖ અડધું છું ફળ ને અડધું છું ફૂલ,
કાળો રંગ મારો છતાં સ્વભાવે મીઠો મધુર છું. ગુલાબજાંબુ

સંકલન – સુજય પટેલ (ડાકોર) તા. ઠાસરા જી. ખેડા

sujaypatel11.blogspot.in

❖ રૂડો ને રૂપાળો ને
ગોરો ગોરો માખણ જેવો છું
મા નો તો ભાઈ નહીં પણ
બાળકોનો વ્હાલો મામો છું. ચાંદામામા

❖ ભરી બજારે થેલો લઈને આવ્યો ચોર
બંધ ડબ્બાનું તાળું ખોલી,
સામાન સઘળો લઈ જાતો. પોસ્ટમેન

❖ એક બગીચામાં અનેક ફૂલ,
ને તે ફૂલોનો છે એક રાજા
રાજા જ્યારે આવે બગીચામાં
ત્યારે નાચતાં ફૂલો આખા. ચંદ્ર અને તારા

❖ જેવા છો તેવા દેખાશો,
❖ માટે મારી અંદર ઝાંકો
જલ્દીથી દઈ દો જવાબ
❖ ખુદને ઓછા ન આંકો. દર્પણ

❖ ન તો હું સાંભળી શકું, ન તો હું બોલી શકું
આંખ તો મારે છે પણ નહીં
તોયે જગ આખાને ભણાવતી જાઉં. ચોપડી

sujaypatel11.blogspot.in

❖ લીલી માછલીના ઈંડા લીલા પણ,
માછલી કરતાં ઈંડાનું મૂલ્ય વધારે. વટાણા

❖ એક જનાવર એવું
કે પૂછડે પાણી પીતું ... દીવો

❖ ઢીંચણ જેટલી ગાય
નીરે એટલું ખાય ઘંટી

❖ રમતો ભમતો આગળ પાછળ જાય
ફરતાં ફરતાં થીજે ત્યારે, ગું ગું કરતો ગાય. ભમરડો

❖ અંધારાને ચીરી આગળ વધતી
❖ જેમ આગળ વધતી તેમ રોશની પાથરતી જતી હેડલાઇટ

❖ રંગે બહુ રૂપાળો છું
થોડું ખાઉં તો ધરાઇ જાઉં
વધુ ખાઉં તો ફાટી જાઉં ... ફુગ્ગો

❖ આટલીક દડી ને હીરે તે જડી
દિવસે ખોવાણી તે રાત્રે જડી ... તારા

❖ ધોળું ખેતરને કાળા ચણા
હાથે વાવ્યાં ને મોં એ લણ્યા ... અક્ષર

❖ ચાલે છે પણ જીવ નથી,

Sujaypatel11.blogspot.in

❖ હલે છે પણ પગ નથી

ખવાય છે પણ ખૂટતો નથી,

❖ બેઠક છે પણ બાજઠ નથી ... હિંચકો

❖ પીધા કરે પણ શરમ નથી

ચિતર્યા કરે પણ કલમ નથી ... પીંછી

❖ ખિલે એક ફૂલ

થાય અંધારું ડૂલ ... દીવો

---

## આભાર


સંકલન – સુજય પટેલ (ડાકોર)

તા. ઠાસરા જી. ખેડા



Sujaypatel11.blogspot.in